પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૪૪ | ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૨, શનિવાર; મહા વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# હાશ, રશિયાએ યુક્રેનની અપીલ સ્વીકારી

## સરેન્ડરની શરત પર નરમ પડ્યું રશિયા : રશિયાએ યુક્રેનનું વાતચીતનું આમંત્રણ આખરે સ્વીકાર્યું : રશિયાના રાષ્ટ્રપતિ પુતિને વાર્તા માટે મિંસ્કમાં ઉચ્ચ સ્તરીય અધિકારીઓના પ્રતિનિધિમંડળને મોકલવા કહ્યું

મોસ્કો, તા.૨૫

રશિયાએ સતત બીજા દિવસે પણ યુક્રેન પર આક્રમણ ચાલુ રાખ્યું છે. યુક્રેનની રાજધાની કીવમાં રશિયન સૈનિકો પહોંચી ગયા છે. બીજી તરફ યુક્રેન સાથે વાતચીત માટે તૈયાર છીએ પણ પહેલાં યુક્રેનની સેનાને સરેન્ડર કરવું પડશે. આ વચ્ચે મોટા સમાચાર એ સામે આવ્યા છે કે રશિયાના પ્રેસિડેન્ટ પુતિને યુક્રેન સાથે વાતચીતમાં કોઈ રસ







ન હોવાનું જણાવ્યું હતું. જો કે, આખરે રશિયાએ પોતાનું વલણ નરમ કરતાં યુક્રેન સાથે વાતચીત કરવા તૈયારી દર્શાવી હતી.

એવા પણ ન્યૂઝ એજન્સીના રિપોર્ટ અનુસાર ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ટેલિફોન પર વાત કરી છે અને યુક્રેન સાથે સમાધાન કરી લેવા માટે જણાવ્યું છે. તો બીજી બાજુ રશિયાના સરકારી મીડિયાના દાવા અનુસાર યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેંસ્કીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને વાતચીત માટેનું આમંત્રણ આપ્યું છે. આ ઉપરાંત રશિયાના વિદેશ મંત્રી સર્ગી લેવરોવે પણ કહ્યું છે કે અમે

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના કીવ-ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવની સાથે વાર્તા માટે મિંસ્કમાં ઉચ્ચ સ્તરીય અધિકારીઓના પ્રતિનિધિમંડળને મોકલવા માટે કહ્યું છે.

અને તેનો દેશ પરિણામ ભોગવશે. બાઈડેને એક વખત ફરી સાફ કર્યું કે તે યુક્રેનમાં પોતાની સેના મોકલશે નહીં. બાઈડેને કહ્યું કે તે રશિયા પર આર્થિક પ્રતિબંધ લગાવશે. આ ઉપરાંત યુદ્ધને કારણે યુક્રેનમાં

બીજી બાજુ બાઈડેને કહ્યું છે કે, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન હુમલાખોર છે. પુતિને આ યુદ્ધને પસંદ કર્યું છે અને હવે પુતિન

૧૮થી ૬૦ વર્ષની ઉંમરના પુરુષોને દેશ છોડવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. બીજી બાજુ યુક્રેનના ડિફેન્સ મિનિસ્ટરે દાવો કર્યો છે કે, રશિયાના ૧૦૦૦થી પણ વધારે રશિયન સૈનિકોનાં મોત નિપજ્યા છે.

યુક્રેનના પ્રેસિડેન્ટે જણાવ્યું કે, રશિયાના આક્રમણમાં પ્રથમ દિવસે સામન્ય નાગરિકો સહિત ૧૩૭ લોકોનાં મોત નિપજ્યા છે. રશિયાની એર સ્ટ્રાઈકમાં રાજધાની કીવની અનેક બિલ્ડિંગો નષ્ટ થઈ ગઈ છે.

## રશિયાને રોકવા યુક્રેને કીવ તરફ જતો પુલ ઊડાવી દીધો

કીવ, તા.૨૫

યુક્રેનની રાજધાની કીવ પર કબ્જા માટે રશિયા અને યુક્રેનની સેના વચ્ચે લોહીયાળ જંગ ચાલી રહ્યો છે. રશિયાએ કીવ પર કબ્જો કરવા માટેના પ્રયાસો વેગવંતા કર્યા છે ત્યારે રશિયાને રોકવા માટે યુક્રેન આર્મીએ કીવ તરફ જતા રસ્તા પરનો પુલ ઉડાવી દીધો છે.જેથી રશિયન આર્મીને કીવમાં પ્રવેશતા અટકાવી શકાય. રાજધાની કીવ ભીષણ જંગની સાક્ષી બની રહી છે.યુક્રેને રશિયન એર એટેકના જવાબમાં એર ડિફેન્સ સિસ્ટમનો આજે અસરકારક ઉપયોગ કર્યો છે.યુક્રેનનુ કહેવુ છે કે, અમે રશિયાના સાત એરક્રાફ્ટ તોડી પાડ્યા છે. બીજી તરફ રશિયન મિસાઈલના હુમલા બાદ થયેલા પ્રચંડ વિસ્ફોટથી રાજધાની હચમચી ઉઠી છે.કીવમાં ચારે તરફ તબાહીની તસવીરો હવે સામે આવી રહી છે. એક ઈમારત પર રશિયન મિસાઈલ પડે છે અને માત્ર ગણતરીની પળોમાં આ ઈમારતમાં આગ લાગી જાય છે તે પણ એક વિડિયોમાં જોવા મળ્યુ છે.ખૂબસુરત શહેર કીવ રશિયન હુમલામાં બરબાદ થઈ રહ્યુ છે.

## ભારતીયોને પાછા લાવવા સરકાર બે વિમાન મોકલ્યા

### યુક્રેનમાં ગુજરાતીઓ સહિત ૧૫૦૦૦ ભારતીય ફસાયા : વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં સીસીએસ બેઠકમાં આ મુદ્દે નિર્ણય લેવાયો

નવી દિલ્હી, તા.૨૫

યુક્રેનમાં ગુજરાતીઓ સહિત ભારતના ૧૫૦૦૦ જેટલા નાગરિકો ફસાયા હોવાનો આંકડો સામે આવી રહ્યો છે. જોકે, આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત નથી થઈ. બીજી તરફ યુક્રેનમાં રહેલા ભારતીયો માટે ટોલ ફ્રી નંબર પણ જાહેર કરવામાં આવ્યા છે. યુક્રેનમાં રહેલા નાગરિકો ભારતમાં પોતાના સગા સાથે તથા મીડિયા સાથે વીડિયો કૉલથી સંપર્કમાં રહી રહ્યા છે. આવામાં મોદી સરકાર પણ હવે યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવા માટે કાર્યવાહી શરુ કરી દીધી છે. યુદ્ધના કારણે યુક્રેનમાં ઉભી થયેલી ગંભીર સ્થિતિને જોતા સરકાર આ અંગે બેઠક કરીને કોઈ મહત્વના નિર્ણય લેવાનું શરુ કરી દીધું છે. જેમાં આજે એર ઈન્ડિયાની બે ફ્લાઈટ યુક્રેનમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પરત લાવવા માટે મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મોટા પ્રમાણમાં રશિયા-યુક્રેનના યુદ્ધના લીધે યુક્રેનમાં ગુજરાતી અને ભારતના અન્ય સ્થળોના વિદ્યાર્થીઓ સહિત ઘણાં લોકો ફસાયેલા છે. ભારત સરકાર આ નાગરિકોને સુરક્ષિત સ્વદેશ પરત લાવવા માટે મોટું અભિયાન ચલાવવા જઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સીસીએસ (કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી) બેઠકમાં આ મુદ્દે નિર્ણય લેવામાં આવ્યો છે. નાગરિકોને પરત લાવવા માટે જે સ્પેશિયલ વિમાન મોકલવામાં આવશે તેનો તમામ ખર્ચ પણ સરકાર ઉઠાવશે તેવા રિપોર્ટ્સ સામે આવી રહ્યા છે. યુક્રેનમાં હજારોની સંખ્યામાં મેડિકલ સ્ટૂડન્ટ્સ અને અન્ય નાગરિકો ફસાયેલા છે.

ભારતના યુક્રેનમાં ફસાયેલા નાગરિકોને પરત લાવવા માટે આજે રાત્રે બે ફ્લાઈટ રવાના થવાની છે. એર ઈન્ડિયાની બે ફ્લાઈટ દ્વારા યુક્રેનમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પરત લાવવાની કામગીરી કરવામાં આવશે. એટલે કે જે ભારતીય

● અનુસંધાન પાન-૭ પર

## રશિયાના નિશાના પર હું અને મારો પરિવાર : યુક્રેનના રાષ્ટ્રપતિ

### વોલોદિમિર જેલેન્સ્કીના વીડિયો સંદેશમાં પત્ની અને બાળકોની વાત કરતા ભાવુક થયેલા જોવા મળી રહ્યા છે

કીવ, તા.૨૫

યુક્રેન પર ગુરુવારે થયેલા રશિયાના હુમલા બાદ દેશમાં ઠેર ઠેર તબાહી જોવા મળી રહી છે. રશિયા યુક્રેનની રાજધાની કિવને ઘેરવાની કોશિશમાં છે. આ બધા વચ્ચે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર જેલેન્સ્કીનો એક વીડિયો સંદેશ સામે આવ્યો છે. જેમાં તેઓ તેમની પત્ની અને બાળકોની વાત કરતા ભાવુક થયેલા જોવા મળી રહ્યા છે. જેલેન્સ્કી કહી રહ્યા છે કે રશિયાના નિશાના પર સૌથી પહેલા હું છું અને બીજા નંબરે મારો પરિવાર છે. જેલેન્સ્કીએ યુક્રેની અધિકારીઓને પણ ચેતવણી આપી છે કે રશિયા રાજધાની કિવમાં ઘૂસી ગયું છે. જેલેન્સ્કીનું કહેવું છે કે તેઓ અને તેમનો પરિવાર ગદ્દાર નથી અને યુક્રેન છોડીને ભાગી જશે નહીં.



વીડિયોમાં ભાવુક અવસ્થામાં જેલેન્સ્કી કહી રહ્યા છે કે હું યુક્રેનમાં છું, મારો પરિવાર યુક્રેનમાં છે, મારા બાળકો યુક્રેનમાં છે, તેઓ ગદ્દાર નથી...તેઓ યુક્રેનના નાગરિક છે. અમને જાણકારી મળી છે કે દુશ્મને પહેલો ટાર્ગેટ મને બનાવ્યો છે. મારો પરિવાર તેમનો બીજો ટાર્ગેટ છે.

જેલેન્સ્કીએ પોતાના ભાવુક સંદેશમાં કહ્યું કે રશિયાની સરકાર તેમને ખતમ કરી દેવા માંગે છે. યુક્રેની રાષ્ટ્રપતિએ કહ્યું કે તેઓ (રશિયા) દેશના પ્રમુખને ખતમ કરીને યુક્રેનને રાજનીતિક નુકસાન પહોંચાડવા માંગે છે. જેલેન્સ્કીએ કહ્યું કે તેમણે નાટોના ૨૭ યુરોપીયન દેશોને સીધો સવાલ કર્યો કે શું યુક્રેન નાટોમાં સામેલ થશે. કોઈએ જવાબ આપ્યો નહીં. બધા ડરેલા છે. પરંતુ અમે ડરેલા નથી. અમને કોઈ ચીજનો ડર નથી. તેમણે વધુમાં કહ્યું કે અમે અમારા દેશને બચાવવા માટે ડરતા નથી...અમને રશિયાનો ડર નથી...અમે રશિયા સાથે વાતચીતથી પણ ડરતા નથી. યુક્રેન નાટોમાં સામેલ થવા ઈચ્છે છે પરંતુ રશિયા તેની વિરુદ્ધમાં છે. વર્ષ ૨૦૧૪માં યુક્રેનમાં રશિયા સમર્થિત સરકાર પડી ત્યારથી યુક્રેનની સરકારે નાટોમાં સામેલ થવા માટે અનેકવાર કોશિશ કરી છે. પરંતુ રશિયા નાટોને રશિયાની સુરક્ષા માટે જોખમ માને છે. આથી કોઈ પણ કિંમતે તે યુક્રેનને નાટોનો સભ્ય બનવા દેવા માંગતુ નથી.

## રશિયાના પાટનગર મોસ્કો સહિત ૫૧ શહેરોમાં વિરોધ

### યુક્રેન પર આક્રમણને લઈને પુતિનનો તેમના દેશમાં જ વિરોધ

મોસ્કો, તા.૨૫

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિને ગુરુવારે યુક્રેન વિરુદ્ધ યુદ્ધની ઔપચારિક જાહેરાત કરી દીધી. ત્યારબાદ રશિયન સેનાએ યુક્રેન પર આક્રમણ કર્યું. હવે યુક્રેને પણ રશિયા વિરુદ્ધ બરાબર મોરચો ખોલ્યો છે અને યુક્રેનના રાષ્ટ્રપતિ વલોદિમિર જેલેન્સ્કીએ સેનાને દેશભરમાં તૈનાતની આદેશ પર હત્યાક્ષર કર્યા છે. આ સાથે જ યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેન્સ્કીએ અમેરિકા અને નાટો દેશો ઉપર પણ નિશાન સાધ્યું છે અને કહ્યું કે રશિયા સામેની લડાઈમાં અમને એકલા મૂકી દીધા. જો કે આ બધા વચ્ચે રશિયા જેવા શક્તિશાળી દેશને ટચુકડું યુક્રેન જબરદસ્ત ટક્કર આપી રહ્યું છે.

યુક્રેન ભલે નબળું દેખાઈ રહ્યું હોય પરંતુ તેણે હજુ પણ હાર માની નથી. કિવ તરફ રશિયાની સેના પહોંચે તે પહેલા એક નવી જાણકારી સામે આવી છે. કહેવાય છે કે મેલિટોપોલશહેર પર યુક્રેનની

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●

● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●

● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466

E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર

૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

## યુક્રેન-પોલેન્ડ બોર્ડર પર હજારો ભારતીયોનો જમાવડો

કીવ, તા.૨૫

રશિયાના હુમલાથી બચવા માટે યુક્રેનના હજારો લોકો પાડોશી દેશ પોલેન્ડ તરફ પલાયન કરી રહ્યા છે. જેના પગલે યુક્રેન અને પોલેન્ડની બોર્ડર પર હજારો લોકોનો જમાવડો થયો છે.વાહનોની પંદર કિમી લાઈનો પડી છે અને આ બોર્ડર પર પહોંચનારામાં ભારતીયોનો પણ સમાવેશ થાય છે. ઘણા ભારતીયો અત્યારે પોલેન્ડની બોર્ડર પર ટ્રાન્ઝિટ વિઝા મળે તેની રાહ જોઈને ઉભા છે.કારણકે ભારત પાછા આવવા માટે હાલમાં તો બીજો કોઈ વિકલ્પ દેખાઈ રહ્યો નથી.

દિલ્હીના રહેવાસી રાકેશે એક હિન્દી અખબારને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યુ હતુ કે, રશિયા અને યુક્રેન વચ્ચે વિવાદ તો લાંબા સમયથી ચાલતો હતો પણ સ્થિતિ આટલી ઝડપથી બદલાશે તેવી આશા નહોતી. હજારો ભારતીયો માટે હવે પોલેન્ડમાં પ્રવેશની ભારત આવવાનો વિકલ્પ રહ્યો છે.તેઓ



ટ્રાન્ઝિટ વિઝા માટે રાહ જોઈ રહ્યા છે પણ પોલેન્ડ હાલમાં તો આવા વિઝા આપવાનો ઈનકાર કરી દીધો છે.ભારતીયોનુ કહેવુ છે કે, જો વિઝા નહીં મળે તો બોર્ડર વિસ્તારમાં જ આશરો લેવો પડશે.કારણકે યુક્રેનમાં જે સ્થિતિ છે તે જોતા પાછા ફરવુ બહુ ખતરનાક બની શકે છે.

ભારતીયોએ કેન્દ્ર સરકારને અપીલ કરી છે કે, વિઝા આપવા માટે પોલેન્ડને વિનંતી કરવામાં આવે.જેથી પોલેન્ડ થઈને લોકો ભારત પાછા આવી શકે.

